सत्यमेव जयते

## માન મંત્રી.શ્રીમતી ભાનુબેન બાબરીયા

## સામાજિક ન્યાય અને અધિકારીતા,

## મહિલા અને બાળ કલ્યાણ

## ગુજરાત રાજ્ય, ગાંધીનગર

# બજેટ સ્પીચ

## વર્ષ : ૨૦૨૪–૨૫

**માન.અધ્યક્ષશ્રી**

સમાજનો એવો વર્ગ કે જે ખરા અર્થમાં **ભગવાન નારાયણના રૂપ સમાન છે એવા દરિદ્રનારાયણો, બાળકો, યુવાઓ, દિવ્યાંગો, વુદ્ધો અને મહિલાઓ** માટે મને સંવેદનશીલતા પૂર્વક કામ કરવા માટેની તક મળી છે જે માટે હું ઈશ્વરનો આભાર માનું છું.

**માન.અધ્યક્ષશ્રી**

આઝાદીનો અમૃતકાળ ચાલી રહ્યો છે ત્યારે દેશના યશસ્વી વડાપ્રધાન વિકસિત ભારત માટે સંકલ્પબદ્ધ છે અને માન.મુખ્યમંત્રી વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતને લઈને સંકલ્પબદ્ધ છે.

**વિકસિત ભારત એટલે સામર્થ્યવાન ભારત**

**વિકસિત ભારત એટલે સશક્ત ભારત**

**વિકસતિ ભારત એટલે સમૃધ્ધ ભારત**

આ માટે સૌથી અગત્યની અનિવાર્યતા છે સામાજિક સમરસતા અને આ માટે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય વિવિધ કલ્યાણકારી યોજનાઓ દ્વારા વંચિતોના, પિડીતોનાં, શોષિતોનાં, દિવ્યાંગજનોનાં, વિધવા બહેનોનાં, અનુસૂચિત જાતિઓનાં, વિચરતી અને વિમુકત જાતિઓનાં, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના સર્વાંગીણ વિકાસ માટે કટિબધ્ધ છે.

**માન.અધ્યક્ષશ્રી**

ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરે કહ્યું હતું કે **‘કોઈ પણ સમાજનો વિકાસ ત્યારે જ શક્ય બને જ્યારે એ વિકાસના મુખ્ય પ્રવાહમાં આર્થિક પછાત અને નબળા વર્ગના લોકોને વિકાસના મુખ્ય પ્રવાહમાં જોડીએ.’**

સ્વામી વિવેકાનંદે ભારત ભ્રમણ કરી વંચિતોની સ્થિતિનું વર્ણન કર્યું હતું તે સંવેદનાઓને મહાત્મા ગાંધી અને ડો.બાબાસાહેબ આંબેડકરે વંચિતો પ્રત્યેની સંવેદનાને બંધારણમાં ઉજાગર કરી છે.

**માન.અધ્યક્ષશ્રી**

એ જ રીતે આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ હંમેશા માને છે કે જન કલ્યાણ લક્ષી યોજનાઓની અમલવારી થાય અને તેના મીઠા ફળ સમાજના વંચિત વર્ગો સુધી પહોંચે.

**માન.અધ્યક્ષશ્રી**

**“ ચલો જલાયે દિપ વહાં, જહાં અભી ભી અંધેરા હે “**

આપણી સરકાર ગરીબોને સમર્પિત સરકાર છે. જેથી ગરીબ કલ્યાણને કેન્દ્રમાં રાખીને ગરીબ–ગરીબીને પરાસ્ત કરે તેવા પ્રયાસો કરવામાં આવે છે. **‘જ્યાં માનવી ત્યાં સુવિધા’** સાથે **‘અંત્યોદયથી સર્વોદયનો’** માર્ગ આલેખ્યો છે.

**માન.અધ્યક્ષશ્રી**

**‘સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ, સૌનો પ્રયાસ’**ના મંત્રને અમારી સરકારે નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સાકાર કરી રહ્યા છે.

**માન.અધ્યક્ષશ્રી**

સામાજિક સમરસતાએ કોઈપણ રાજ્યના વિકાસની પાયાની જરુરીયાત છે. માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર સાથે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજય સરકાર વંચિતોના વિકાસ માટે કાર્ય કરી રહી છે.આ માટે રાજય સરકારે વિવિધ યોજનાઓ બનાવી છે .

**માન.અધ્યક્ષશ્રી**

ભારતના સર્વાંગી વિકાસ અને સમરસ સમાજની રચના માટે માન.નરેન્દ્રભાઈ મોદીએ સમાજના ચાર વર્ગો **ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશકિતના ઉત્કર્ષ** પર ભાર મૂકેલ છે. સમાજના છેવાડે રહેલા માનવી એ સરકારની અગ્રતામાં પ્રથમ આવે તે પ્રતિબદ્ધતા સાથે હું આજે આપની સમક્ષ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ અને મહિલા અને બાળ વિકાસ વિભાગની માંગણીઓ પરની ચર્ચા માટે ઉપસ્થિત થઈ છું.

**માન. અધ્યક્ષશ્રી**

**આજે હું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની માંગણીઓ વિધાનસભા ગૃહ સમક્ષ પ્રથમ રજૂ કરું છું.**

**માન.અધ્યક્ષશ્રી**

કોઈ પણ રાજ્ય–રાષ્ટ્રમાં વસતાં દરેક નાગરિકને સમાન ન્યાય મળે તે માટે વર્ષ ૨૦૦૭ માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા સમાનતાના કેન્દ્રવર્તી વિચાર સાથે **૨૦મી ફેબ્રુઆરીનો દિવસ વિશ્વ સામાજિક ન્યાય દિવસ** તરીકે

ઘોષિત કરવામાં આવ્યો, ત્યારથી દર વર્ષે સમગ્ર વિશ્વમાં ૨૦મી ફેબ્રુઆરીએ વિશ્વ સામાજિક ન્યાય દિવસ ની ઉજવણી કરવામાં આવે છે. આજના આ વિશ્વ સામાજિક ન્યાય દિવસ નિમિત્તે વિભાગના વિકસતા સમાજ માટેના તમામ મનોરથ સિદ્ધ થાય તેવી મનોકામના વ્યકત કરું છું.

## બજેટ જોગવાઈ વર્ષ–૨૦૨૪/૨૫

**માન. અધ્યક્ષશ્રી**

માન. નાણાંમંત્રીશ્રીએ વર્ષ ૨૦૨૪–૨૫ માટે રાજ્યનું કુલ **રૂ. ૩ લાખ ૩૨ હજાર ૪૬૫ કરોડનું** ઐતિહાસિક બજેટ રજૂ કર્યું છે.

જેમાં અનુસૂચિત જાતિ, વિકસતી જાતિ અને સમાજ સુરક્ષા તથા અનુસૂચિત જાતિ પેટા યોજના (SCSP) સહિત કુલ **રૂ. ૧૧ હજાર ૫૨૪ કરોડ ૪૭ લાખની** જોગવાઈ કરી છે. જે **ગત વર્ષ કરતા રૂ. ૪૩૦ કરોડ ૨૩ લાખનો વધારો થયો છે.**

તે માટે માન. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ તથા માન. નાણાંમંત્રી શ્રી કનુભાઇ દેસાઇનો આભાર માનુ છું તેમજ અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, આર્થિક રીતે પછાત વર્ગો, વિચરતી અને વિમુક્ત જાતિઓ, લઘુમતી, બિન અનામત વર્ગો, દિવ્યાંગો, નિરાધાર વૃદ્ધ અને થર્ડ જેન્ડર આ સર્વે સમુહની રાજ્યની લગભગ ૯૦% વસ્તી તરફથી પણ આભાર પ્રગટ કરૂ છું.

**માન. અધ્યક્ષશ્રી,**

મારા હસ્તકના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં કુલ **રૂ. ૧૦ હજાર ૯૬૦ કરોડ ૮૫ લાખની** સૂચિત જોગવાઈમાં સમાવિષ્ટ કુલ ચાર માંગણી પૈકી મુખ્યત્વે

**માંગણી ક્રમાંક: ૯૨** = સામાજિક સુરક્ષા અને કલ્યાણ સેવાને લગતી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની **મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૩ હજાર ૫૦૪ કરોડ ૪૮ લાખ** અને **મૂડી ખર્ચ માટેની રૂ. ૭૯૪ કરોડ ૬ લાખ** એમ **કુલ રૂ.૪ હજાર ૨૯૮ કરોડ ૫૪ લાખની** માંગણી ક્રમાંક : ૯૨ રજૂ કરૂં છું. તેમજ

**માંગણી ક્રમાંક: ૯૫** = અનુસૂચિત જાતિ પેટા યોજના સેવાને લગતી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની **મહેસૂલી ખર્ચ** માટેની **રૂ. ૩ હજાર ૭૯૩ કરોડ ૪૭ લાખ** અને **મુડી ખર્ચ** માટેની **રૂ. ૨ હજાર ૮૬૦ કરોડ ૩૬ લાખ** એમ **કુલ રૂ. ૬ હજાર ૬૫૩ કરોડ ૮૩ લાખ** માંગણી ક્રમાંક **: ૯૫** રજૂ કરૂં છું.

**માન. અધ્યક્ષશ્રી**

બજેટની ચર્ચામાં આ સભાગૃહના માનનીય ધારાસભ્યશ્રીઓ...........વિગેરે મિત્રોએ ભાગ લીધેલ છે.

..............વિગેરે ધારાસભ્યશ્રીઓએ બજેટને આવકારેલ છે. તેમનો હું આભાર માનું છું.

જેમણે ટીકા કરી છે એ પણ હું સકારાત્મક લઈને વહીવટને કઇ રીતે સુધારીએ એ માટે પૂરતો પ્રયત્ન કરીશ. ટુંકમાં ટીકા પણ વિભાગની કામગીરીમાં મદદરૂપ થશે એ વાતને પણ હું સકારાત્મક લેવા માંગું છું.

**માન.અધ્યક્ષશ્રી**

ઉપરોકત માંગણીઓ જોતા મને લાગે છે કે, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તક આવતી જુદા જુદા વર્ગોની વિવિધ જોગવાઈઓ માટે આ અંદાજપત્રમાં માતબર રકમ ફાળવવામાં આવેલ છે.

**માન.અધ્યક્ષશ્રી**

- **શૈક્ષણિક યોજનાઓ** માટે અનુસૂચિત જાતિ કલ્યાણની **રૂ.૬૦૯ કરોડની** અને વિકસતી જાતિ કલ્યાણ માટે અંદાજે **રૂ.૧ હજાર ૬૫૭ કરોડની** જોગવાઈ મળી **કુલ રૂ. ૨ હજાર ૨૬૬ કરોડની** જોગવાઈ કરવામાં આવી છે.
- **આર્થિક ઉત્કર્ષની યોજનાઓ** માટે અનુસૂચિત જાતિ કલ્યાણની **રૂ.૧૩૪ કરોડની** અને વિકસતી જાતિ કલ્યાણની **રૂ.૮૯૦ કરોડ**ની મળી **કુલ રૂ. ૧ હજાર ૨૪ કરોડની** જોગવાઈ કરવામાં આવી છે.
- **આરોગ્ય, વસવાટ અને અન્ય સામાજિક યોજનાઓ** માટે અનુસૂચિત જાતિ કલ્યાણની **રૂ.૧૮૦ કરોડની** અને વિકસતી જાતિ કલ્યાણની **રૂ. ૨૩૮ કરોડની** મળી **કુલ રૂ. ૪૧૮ કરોડની** જોગવાઈ કરવામાં આવી છે.
- **વિચરતી-વિમુકત જાતિઓ** માટે **રૂ.૧૪૧ કરોડની** જોગવાઈ કરવામાં આવી છે.

- **લઘુમતી વિકાસની વિવિધ યોજનાઓ** માટે બજેટમાં **રૂ.૭૫ કરોડની** જોગવાઇ કરવામાં આવી છે.

- **બિન અનામત વર્ગો** માટે **રૂ. ૬૦૩ કરોડની** જોગવાઇ કરવામાં આવી છે.

## વર્ષ–૨૦૨૪/૨૫ ની નવી બાબતો

**માન.અધ્યક્ષશ્રી,**

**આગામી વર્ષ ૨૦૨૪–૨૫ નવી બાબત માટે અમારી સરકારે મંજૂર કરેલ નવી બાબતોની વિગતો આપતાં જણાવવાનું કે,**

- અમારી સરકારે ગરીબીના દરેક સ્તરને પ્રાધાન્ય આપ્યું છે. જેની અહિં ચર્ચા કરું તો સંત સુરદાસ યોજના માંથી **બી.પી.એલ કાર્ડની તથા ઉમરનું ૦ થી ૧૭ વર્ષનું ધોરણ દુર કરી** લાભ આપવાની નવી બાબત માટે **રૂા. ૨૮ કરોડની જોગવાઈ** કરવામાં આવેલ છે.

- મસ્ક્યુલર ડિસ્ટ્રોફી, થેલેસેમીયા, ક્રોનીકન્યુરોલોજીકલ સ્થિતી જેવી ૪૦% કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંજનને માસિક રૂ.૧ હજારની સહાય આપવાની નવી બાબત માટે **રૂ.૧ કરોડ ૬૩ લાખની જોગવાઈ** કરવામાં આવેલ છે.

- **૦૫ નવા ચિલ્ડ્રન હોમ બનાવવા માટે રૂ. ૧૫ કરોડની જોગવાઈ.**

**માન.અધ્યક્ષશ્રી**

આદરણીય નરેન્દ્રભાઈ મોદીએ ડો.આંબેડકરના **બંધુભાવના** સિદ્ધાંતને અપનાવ્યો છે. ડો.બાબાસાહેબ કહેતા કે **"સમાજની દરેક વ્યકિત એકબીજાની**

**સાથે સગાભાઈની જેમ વ્યવહાર કરશે તો જ સામાજિક સમરસતા રહેશે અને સ્વાતંત્ર્ય ટકી શકશે."** આ બંધુભાવના એટલે જ **" સમરસતા"!**

આ સમરસતાનું શ્રેષ્ઠ ઉદાહરણ જો પાયાથી આપવામાં આવે તો ખરા અર્થમાં તમામ લોકોમાં રાષ્ટ્ર ભાવના વિકસે જેના માટે આદરણીય નરેન્દ્રભાઈ ગુજરાતના મુખ્યમંત્રી હતા તે સમયગાળાથી તમામ સમાજના બાળકો એક છત્ર નીચે રહીને અભ્યાસ કરી શકે તે માટે સમરસ છાત્રાલયોનું નિર્માણ કરાવ્યું હતું. આજે ગુજરાત રાજયમાં તમામ સમાજના બાળકોને ઘર જેવું વાતાવરણ મળી રહે તેવી અત્યાધુનિક સુવિધા ધરાવતા વિશાળ **૨૦ સમરસ કુમાર અને કન્યા છાત્રાલયો** બનાવ્યા છે અને જેમાં **૧૩ હજાર જેટલા વિદ્યાર્થીઓ** રહીને ઉચ્ચ અભ્યાસ કરી પોતાની કારકિર્દીનું ઘડતર કરી રહ્યા છે.

**માન. અધ્યક્ષશ્રી**

સમરસ છાત્રાલયો વિદ્યાથીઓનો માત્ર શૈક્ષણિક વિકાસ જ નહિ પંરતુ સામાજિક અને સાંસ્કૃતિક અને સંસ્કારિતાનું પણ ઘડતર કરવામાં આવે છે.

- સમરસ છાત્રાલયોમાં વિવિધ સાંસ્કૃતિક મહોત્સવ જેવા કે, ગણેશ ઉત્સવ, નવરાત્રી, જન્માષ્ટમી જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.
- ઉપરાંત રમતગમત, વૃક્ષારોપણ, આરોગ્ય કેમ્પ, વ્યસનમુકિત તેમજ વિવિધ સ્પર્ધાઓ જેવી કે વકૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધાઓ થકી તેમની સર્જન ક્ષમતા અને શુષુપ્ત શકિતોને બહાર લાવવામાં આવે છે.

**માન.અધ્યક્ષશ્રી**

**અમારી સરકારે હંમેશા કન્યા કેળવણીને પ્રોત્સાહન આપ્યું છે. કન્યાઓ સારી રીતે ભણીને સ્વનિર્ભર થઈ શકે તે માટે આજે એક નહિં પરંતુ ચાર જિલ્લાઓમાં નવા સમરસ કન્યા છાત્રાલયો બનાવાશે. જે માટે બજેટમાં....રૂ.૬૭ કરોડ ૫૫ લાખના** ખર્ચે **સુરેન્દ્રનગર, કોડિનાર, બારડોલી અને બાલાસિનોર ખાતે** નવા સમરસ કન્યા છાત્રાલયોનું બાંધકામ કરવામાં આવશે.

- વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટે **જુનાગઢ** ખાતે **રૂ.૧૯ કરોડ ૬૩ લાખના** ખર્ચે **કન્યા આદર્શ નિવાસી શાળા** માટે અદ્યતન સુવિધા સાથેના નવી બિલ્ડીંગનું બાંધકામ કરવામાં આવશે.
- વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટે **ભાવનગર** ખાતે **રૂ. ૧૭ કરોડ ૩૧ લાખના** ખર્ચે કોલેજ કક્ષાના **સરકારી કુમાર છાત્રાલય અને સરકારી કન્યા છાત્રાલય**નું બાધકામ કરવામાં આવશે.
- ઉપરાંત અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના કાર્યરત **ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોમાં** વધુ વિદ્યાર્થીઓ છાત્રાલયમાં રહી અભ્યાસ કરી શકે તે માટે **૨૭૫૦ વિદ્યાર્થીઓનો સંખ્યા વધારો** કરવામાં આવેલ છે. જે માટે બજેટમાં **રૂ. ૬ કરોડની જોગવાઈ** કરવામાં આવેલ છે.
- અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે **રૂ.૮૪ કરોડ ૬૮ લાખના** ખર્ચે **મોડાસા તથા પાલનપુર** ખાતે આદર્શ નિવાસી શાળા અને **મોડાસા,**

**વેરાવળ, વઢવાણ, અને ગાંધીનગર** ખાતે સરકારી કન્યા છાત્રાલયો માટે અદ્યતન સુવિધા સાથેના નવા મકાનોનું બાધકામ કરવામાં આવશે.

**માન.અધ્યક્ષશ્રી**

સામાજિક, શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષના આ વિશાળ યજ્ઞ દ્વારા વંચિતોના જીવનમાંથી ગરીબી, લાચારી, બેકારી અને નિરક્ષરતાના રહ્યા સહ્યા પણ નિવારી શકાય એવા લક્ષ્ય સાથે અમારી સરકાર પરિણામલક્ષી કામગીરી કરી રહી છે.

## વર્ષ–૨૦૨૪/૨૫ ની ચાલુ બાબતો

**માન.અધ્યક્ષશ્રી**

**વર્ષ ૨૦૨૪/૨૫ ની મારા વિભાગની ચાલુ યોજનાઓની રકમની ફાળવણીમાં મોટો વધારો કર્યો છે.**

- ધોરણ ૧ થી ૧૦ માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના **૪૦ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ માટે રૂ. ૩૬૦ કરોડની જોગવાઈ** તથા પ્રાથમિક શાળા ધોરણ ૧ થી ૮ માં ભણતા અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના **૩૮ લાખ ૪૫ હજાર વિદ્યાર્થીઓને ગણવેશ સહાય માટે રૂ.૩૪૫ કરોડની જોગવાઈ** કરવામાં આવેલ છે.
- પીએમ યશસ્વી શિષ્યવૃતિ યોજના અંતર્ગત ધો ૯ થી ૧૦ અને પોસ્ટ મેટ્રીકના **અંદાજે ૯ લાખ ૭૫ હજાર વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ** આપવા માટે **રૂ.૫૪૦ કરોડની જોગવાઈ** કરવામાં આવેલ છે.

- વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના **અંદાજે ૧૦૦૦ વિદ્યાર્થીઓને રૂ. ૧૫ લાખ લોન** આપવા માટે **રૂ.૧૫૨ કરોડની જોગવાઈ** કરવામાં આવેલ છે.
- ડો. આંબેડકર આવાસ યોજના અને પંડિત દીન દયાળ ઉપાધ્યાય આવાસ યોજના અંતર્ગત મકાન બાંધવા માટે **રૂ. ૧ લાખ ૨૦ હજાર લેખે** સહાય આપવા માટે **રૂ. ૨૪૩ કરોડની જોગવાઈ** કરવામાં આવેલ છે.
- કુંવરબાઈનું મામેરૂ યોજના અંતર્ગત અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિની **૬૧ હજાર ૫૦૦ કન્યાઓને મામેરા માટે સહાય** આપવા **રૂ.૭૪ કરોડની જોગવાઈ** કરવામાં આવેલ છે.
- સમાજમાં સામાજિક સમરસતા જળવાય તે માટે શરૂ કરવામાં આવેલ **ડૉ.**સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનામાં **૮૦૦ યુગલોને યુગલ દીઠ રૂ.૨.૫૦ લાખની સહાય આપવા માટે રૂ.૨૦ કરોડની જોગવાઈ** કરવામાં આવી છે.
- **અનુસૂચિત જાતિ વિકાસ નિગમ,**

  **સફાઈ કામદાર વિકાસ નિગમ,**

  **ડો.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ,**

  **ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ,**

  **ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ,**

  **ગુજરાત ગોપાલક વિકાસ નિગમ,**

  **ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ,**

**ગુજરાત વિચરતી વિમુકત જાતિ વિકાસ નિગમ**

**ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ જેવા નિગમોને** વિવિધ યોજનાઓમાં સીધા ધિરાણ માટે રાજય સરકારના ફંડમાંથી લોન સહાય આપવા **રૂ.૮૫૦ કરોડની જોગવાઈ** કરવામાં આવી છે.

**માન.અધ્યક્ષશ્રી,**

**સમાજ સુરક્ષા પ્રભાગ પર ધ્યાન કરીએ તો...**

**"સમૃદ્ધ રાષ્ટ્રના નિર્માણ માટે દિવ્યાંગોને મુખ્ય ધારામાં આગળ લાવવા અને તેમને સમજવા તેમજ તેમના પ્રત્યેનો લોકોનો દ્રષ્ટિકોણ બદલવાના ઉમદા હેતુથી અમારી સરકાર દ્વારા સતત પ્રગતિશીલ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે."**

ગુજરાત સરકારનું સમાજ સુરક્ષા ખાતું સમાજના નબળા વર્ગના લોકો તથા દિવ્યાંગજનોના કલ્યાણ તથા પુન:સ્થાપન અર્થે કાર્યરત છે. નાણાકિય વર્ષ ૨૦૨૪–૨૫માં **રૂ.૨૧૭૮ કરોડ ૩૯ લાખની જોગવાઈ** કરવામાં આવી છે.

**માન. અધ્યક્ષશ્રી આ સંદર્ભે બે દિવ્યાંગજનની ચર્ચા કરવા માંગુ છું....**

તા. ૦૩/૦૨/૨૦૨૪ના રોજ રાજકોટ જિલ્લાના પડધરી ખાતે દિવ્યાંગોને સહાયક ઉપકરણો આપવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં તે સમયે પડધરી તાલુકાના જીવાપર ગામના ૪૭ વર્ષના તદ્દન અંધ ભાનુબેન મોતીભાઇ વેજપરા જેઓના પિતા હયાત નથી અને હાલમાં પોતાના ભત્રીજા સાથે રહીને પોતાનું જીવન નિર્વાહ ચલાવે છે. જેઓ ૧૦૦% અંધત્વ પ્રકારની

દિવ્યાંગતા ધરાવતા હોવા છતાં પોતાની પ્રબળ ઇચ્છાશક્તિને કારણે હાલમાં લગ્નગીતો, ભજન કિર્તન, ગુજરાતી ગીતો વગેરે પ્રકારના ગીત સંગીતના માધ્યમથી એક નાના તાલુકામાં પોતાની આગવી ઓળખ ગીતોના કારણે ઉભી કરેલ છે. ગુજરાત સરકાર તરફથી સંત સૂરદાસ યોજના હેઠળ તેઓને પ્રતિમાસ રૂા. ૧ હજાર માસિક પેન્શન મળે છે, જે તેમના જીવન નિર્વાહ માટે ખૂબ જ ઉપયોગી બની રહેલ છે. જે માટે તેઓએ લાગણીસભર થઇ ગુજરાત સરકારનો આભાર વ્યકત કરેલ હતો.

- બૌદ્ધિક અસમર્થતા ધરાવતા (મનોદિવ્યાંગ) વ્યકિતને આર્થિક સહાય આપવાની યોજનામાં દિવ્યાંગતાની ટકાવારી ૫૦% કરેલ છે. આ યોજના અંતર્ગત **૭૦ હજાર મનોદિવ્યાંગોને લાભ** આપવા માટે **કુલ ૮૪ કરોડની જોગવાઈ** કરવામાં આવેલ છે.
- દિવ્યાંગ લગ્ન સહાય યોજનામાં વર્ષ ૨૦૨૪-૨૫માં **કુલ ૧ હજાર ૪૦૦ લાભાર્થીઓને લાભ** આપવા માટે **કુલ ૩.૭ કરોડની જોગવાઈ** કરવામાં આવેલ છે.
- દિવ્યાંગોને એસ.ટી.માં મફત મુસાફરીની યોજનામાં **કુલ ૩ લાખ ૬૮ હજાર ૧૩૯ લાભાર્થીઓ** માટે **કુલ ૩.૪૪ કરોડની જોગવાઈ** કરવામાં આવેલ છે.
- પાલક માતા પિતા યોજનામાં વર્ષ ૨૦૨૪-૨૫માં **૩.૭૪ કરોડની જોગવાઈ** કરવામાં આવી છે. જેમાં **કુલ ૨૦ હજાર ૫૦૦ લાભાર્થીઓને લાભ** આપવામાં આવશે.

## વિભાગની નોંધપાત્ર કામગીરી

**માન. અધ્યક્ષશ્રી**

**હું સામાજિક ન્યાય અધિકારીતા વિભાગની છેલ્લા એક વર્ષની નોંધપાત્ર કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કરીએ તો.......**

❖ અનુસૂચિત જાતિ, વિકસતી જાતિ અને સમાજ સુરક્ષાનાની વિવિધ યોજનાઓનું એક જ પ્લેટફોર્મ પરથી મોટી સંખ્યામાં સહાય વિતરણ ત્રણ તબક્કામાં કરવામાં આવ્યું જેમાં

- **પ્રથમ રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર અને કચ્છના ૧૨ જિલ્લાના ૪ લાખથી પણ વધુ લાભાર્થીઓને રૂ.૧૪૬ કરોડની સહાય આપવામાં આવેલ છે.**
- **બીજા તબ્બકામાં ગાંધીનગર ઉત્તર અને મધ્ય ગુજરાતના ૦૯ જિલ્લાના ૪ લાખથી પણ વધુ લાભાર્થીઓને રૂ.૨૨૭ કરોડ થી વધુની સહાય આપવામાં આવેલ છે.**
- **જયારે અંતિમ તબક્કામાં આજે મધ્ય અને દક્ષિણના ૧૨ જિલ્લાના લગભગ ૫ લાખ ૮૭ હજારથી વધુ લાભાર્થીઓને ૩૪૭ કરોડથી વધુ રકમની સહાય આપવામાં આવેલ છે.**

❖ પાલક માતા પિતા યોજના અથવા મુખ્ય મંત્રી બાળ સેવા યોજનાની લાભાર્થી દિકરીને ૧૮ વર્ષ પૂર્ણ કરેલ હોય તેને તેના લગ્ન સમયે રૂપિયા ૨ લાખની સહાય આપવાની યોજના વર્ષ ૨૦૨૩-૨૪ માં અમલમાં

મુકવામાં આવી છે. આ યોજનાની દિકરીઓના વાલીને તેના લગ્ન સમયે થતા ખર્ચને પહોંચી વળવા મદદ થશે તેમજ લાભાર્થી દીકરીઓને આ રકમ પોતાના જીવનની નવી શરૂઆત કરવામાં, ભરણપોષણના સાધન ખરીદવામાં મદદરૂપ થઇ શકશે. આ યોજના હેઠળ ગાંધીનગર ખાતે દિકરીઓના માતા–પિતા સાથે કાર્યક્રમ થકી **૮૩ લાભાર્થીઓને તેમના ખાતામાં રૂ. ૨ લાખની સહાય** આપવામાં આવી હતી.

- ❖ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની એક અનોખી પહેલ દ્વારા યોજનાકિય લાભોનું લાઈવ ટેલીકાસ્ટ કરીને નિગમ હસ્તકની વિવિધ યોજનામાં અરજી કરનાર તમામ લાભાર્થી લાઈવ નિહાળી શકે તે માટે વિવિધ યોજનાઓનો સંપૂર્ણ પારદર્શક પદ્ધતિથી **કમ્પ્યુટરાઈઝ ડ્રો દ્વારા લાભાર્થીઓની** પસંદગી કરી તેનું **યુ–ટ્યુબમાં લાઈવ પ્રસારણ** કરવાની શરૂઆત કરવામાં આવી છે.
- ❖ વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની વિદેશ અભ્યાસ લોન યોજનામાં અગાઉ લોનની ચૂકવણી અભ્યાસક્રમના સમયગાળાના પ્રમાણસર વાર્ષિક હપ્તામાં કરવામાં આવતી હતી હવે તેના બદલે વિદ્યાર્થીને રૂ.૧૫.૦૦ લાખની **વિદેશલોનની ચૂકવણી એક જ હપ્તામાં** કરવામાં આવે તેવો લોક હિત લક્ષી નિર્ણય લેવામાં આવેલ છે.
- ❖ વર્ષ ૨૦૨૩/૨૪ માં **ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ અને ઉના ખાતે, મહુવા (જિ.ભાવનગર), લુણાવાડા, પોરબંદર અને બોટાદ** ખાતે સરકારી છાત્રાલયોનું **લોકાર્પણ** કરી વિદ્યાર્થીઓ માટે ખુલ્લું મુકવામાં આવેલ છે

તેમજ **કડી (જિ.મહેસાણા), પાલનપુર, ખમીસણા (જિ.સુરેન્દ્રનગર)** ખાતે આદર્શ નિવાસી શાળાઓના બાંધકામ માટે **ખાતમુહૂર્ત** કરવામાં આવેલ છે.

આપ કામગીરી પર નજર કરશો તો આપ અવશ્ય જોઈ શકશો કે લોકોને સન્માનનીય જિંદગી આપવા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સતત પરિશ્રમ કરી રહ્યો છે.

**માન. અધ્યક્ષશ્રી**

ડો.બાબાસાહેબની સ્મૃતિમાં અમારી સરકાર દ્વારા ગુજરાતમાં આંબેડકર ભવન અને સંકલ્પભૂમિ સ્મારક બનાવ્યા છે. તેનો હેતુ સમાજના દરેક વર્ગમાં સામાજિક , સાંસ્કૃતિક અને શૈક્ષણિક વિકાસ થાય તે છે.

**સંકલ્પભૂમિ સ્મારક,વડોદરા :**

ડૉ.બાબાસાહેબ આંબેડકર દ્વારા કરવામાં આવેલ સંકલ્પ **"જે સમાજમાં હું જન્મ્યો છું તે સમાજ ઉપરના અમાનવીય, અન્યાયી ધૃણાજનક, ગુલામીયુકત અત્યાચારો દુર કરીને જ જંપીશ"**. વડોદરાના કમાટીબાગમાં ઘટાદાર વૃક્ષની નીચે ડૉ. બાબાસાહેબ આંબેડકરે મુંબઈ જવા માટે ટ્રેનની રાહ જોતાં સમયે આ સંકલ્પ કર્યો હતો, તે જગ્યાએ "સંકલ્પભૂમિ સ્મારક" નું કામ પ્રગતિમાં છે. આ બાબતે વધુમાં જણાવું કે... રૂ.૧૨ કરોડની જોગવાઈ કરવામાં આવેલ જેમાં કામગીરીમાં વધુ નાણાની જરુરીયાત ઉભી થતા **વધુ રૂ. ૪ કરોડ ૫૩ લાખ મંજુર કરવામાં આવ્યા છે** જે કુલ મળી **રૂ.૧૬ કરોડ ૫૩ લાખના** ખર્ચે આ સ્મારક ઉભું થશે.

## છેલ્લા ૫–વર્ષની સિધ્ધીઓ

**માન. અધ્યક્ષશ્રી**

**હું સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના છેલ્લા પાંચ વર્ષમાં હાંસલ કરેલ મહત્વની સિધ્ધીઓ પર ધ્યાન કેન્દ્રિત કરીએ તો......**

**અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળ...**

❖ સ્વચ્છતાના વ્યવસાયમાં રોકાયેલ વાલીઓના પૂર્વ એસ.એસ.સી.માં અભ્યાસ કરતાં બાળકોને મુનિ મેતરાજ શિષ્યવૃતિ હેઠળ છેલ્લા ૫ વર્ષમાં **રૂ.૩૨૦ કરોડ ૬૦ લાખનો** ખર્ચ કરી વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ ચુકવવામાં આવેલ છે.

❖ ડૉ.આંબેડકર વિદેશ અભ્યાસ લોન હેઠળ છેલ્લા ૫ વર્ષમાં **રૂ.૨૮૪ કરોડ ૯૫ લાખનો** ખર્ચ કરી **૧ હજાર ૯૦૪ વિદ્યાર્થીઓને** વિદેશ અભ્યાસ લોન આપવામાં આવેલ છે.

❖ કુંવરબાઈનું મામેરાની યોજના હેઠળ છેલ્લા ૫ વર્ષમાં **રૂ.૪૫ કરોડ ૮ લાખનો** ખર્ચ કરી **૪૨ હજાર ૫૧ કન્યાઓને** લાભ આપવામાં આવેલ છે.

**માન.અધ્યક્ષશ્રી**

**વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળ.....**

❖ **પી.એમ યશસ્વી યોજના** અંતર્ગત પ્રી–મેટ્રિક શિષ્યવૃત્તિ હેઠળ ધોરણ ૯ અને ૧૦ વિદ્યાર્થીઓને **રૂ. ૭૫૦ થી રૂ.૧૫૦૦ના બદલે હવે રૂ.૪ હજારની માતબર સહાય ચુકવવામાં આવે છે** તેમજ પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ હેઠળ ધો. ૧૧ થી લઈ અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને

**રૂ.૧૫૦૦ થી રૂ.૧૪૦૦૦ ના બદલે રૂ.૫ હજાર થી રૂ. ૨૦ હજાર** સુધીની માતબર સહાય ચુકવવામાં આવે છે. આજે સમગ્ર દેશમાં આ યોજનાનું અમલીકરણ કરીને લાખો વિદ્યાર્થીઓને લાભ પંહોચાડવામાં ગુજરાત સૌથી મોખરાનું રાજય બન્યું છે. છેલ્લા **બે વર્ષમાં** પીએમ યશસ્વી યોજના અંતર્ગત ધો.૯ થી ૧૦ અને પોસ્ટ મેટ્રીકમાં અભ્યાસ કરતા **અંદાજે ૧૧ લાખ** વિદ્યાર્થીઓને **રૂ. ૫૬૨ કરોડ ૭૦ લાખની શિષ્યવૃતિ** ચૂકવવામાં આવી છે.

- ❖ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક પછાત વર્ગ,લઘુમતી અને વિચરતી–વિમુકત જાતિના ધો. ૧ થી ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને છેલ્લા પાંચ વર્ષમાં **રૂ.૧ હજાર ૨૧૮ કરોડની શિષ્યવૃતિ** ચૂકવવામાં આવી છે.
- ❖ પંડિત દીનદયાળ ઉપાઘ્યાય આવાસ યોજના અંતર્ગત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક પછાત વર્ગ અને વિચરતી વિમુકત જાતિના **૯૨ હજાર** લાભાર્થીઓને મકાન બાંધવા માટે **રૂ.૬૯૨ કરોડ ૧૭ લાખની સહાય** આપવામાં આવી છે.

**માન.અઘ્યક્ષશ્રી**

**સમાજ સુરક્ષા પ્રભાગ હેઠળ.....**

- ❖ સંત સુરદાસ યોજનામાં છેલ્લા ૫ વર્ષમાં **કુલ ૨૬ હજાર ૯૯૫ લાભાર્થીઓને રૂ. ૧૩૫ કરોડ ૩૬ લાખની સહાય** આપવામાં આવેલ છે.

- ❖ પાલક માતા–પિતા યોજના હેઠળ છેલ્લાં ૫ વર્ષમાં **કુલ ૧૯ હજાર ૧૧૮ લાભાર્થીઓને રૂ. ૨૮૫ કરોડ ૬૮ લાખની સહાય** ચુકવવામાં આવેલ છે.
- ❖ નિરાધાર વૃદ્ધો તથા દિવ્યાંગોના કલ્યાણ માટે નિરાધાર વૃદ્ધ સહાય યોજના હેઠળ છેલ્લાં ૫ વર્ષમાં **કુલ ૧ લાખ ૪૮ હજાર ૮૧૭ લાભાર્થીઓને રૂ. ૫૭૨ કરોડ ૨૪ લાખની સહાય** ચુકવવામાં આવેલ છે.

**માન.અધ્યક્ષશ્રી**

સમાજના દરેક વર્ગની જરુરિયાત પ્રમાણે જરૂરી વહીવટીતંત્રની કક્ષા દ્વારા કલ્યાણકારી યોજનાઓનો અમલ કરીને **સર્વોદયની સંકલ્પના દ્વારા** દરેકનો વિકાસ સુનિશ્ચિત થાય તે દિશામાં માન.મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈની સરકાર કામ કરી રહી છે.

**માન.અધ્યક્ષશ્રી**

આ સન્માનીય ગૃહ સમક્ષ મારે કહેવું છે કે માત્ર વાતો જ નહિં પરંતુ અમારી સરકારે કરી બતાવ્યું છે જે આપ સૌની સમક્ષ છે. છેલ્લા ૧૦ વર્ષમાં વંચિતો માટે અમારા વિભાગ તરફથી **વર્ષ ૨૦૧૪/૧૫માં અંદાજે રૂ. ૩ હજાર ૭૦૦ કરોડની જોગવાઈ હતી જેમાં ઉત્તરોતર રૂ. ૭ હજાર ૮૨૫ કરોડનો વધારો થઈ આજે વર્ષ ૨૦૨૪/૨૫ માં રૂ. ૧૧ હજાર ૫૨૪ કરોડ થઈ છે.** અમારી સરકારે સમાજનાં વંચિતોની સેવા કરવાનાં સંકલ્પને વધુ દૃઢ બનાવ્યો છે. સૌના અથાગ પ્રયાસ અને યોગ્ય અમલીકરણના લીધે આજે વંચિતોના વિકાસના ઉત્તમ પરિણામો આપણે મેળવી શક્યા છીએ.

**માન.અધ્યક્ષશ્રી**

**દેશ કા મન બન ચુકા હૈ,**

**યહ નયા ભારત, વિકસીત ભારત કે સંકલ્પ કે સાથ ચલ પડા હૈ,**

**ચલો ચલ પડે દેશ ચલ પડા હૈ.**

આજે સમગ્ર વિશ્વ ભારતની તરફ આશા થી જોઈ રહ્યું છે. આજે ભારતીય જન માનસમાં **વિકાસની–વિશ્વાસની–વિજયની–ભારતીય અસ્મિતાની** જયોત પ્રગટી રહી છે.

**માન.અધ્યક્ષશ્રી**

સમતા, સમાનતા, સમરસતા અને સંવાદ જેમણે આપણા જીવનમાં યથાર્થ કર્યો એવા બંધારણના હાર્દ સમા બાબાસાહેબને વંદન કરું છું. બાબાસાહેબની સાથે સામાજિક ન્યાય માટે, સમાજના ઉત્થાન માટે જે–જે ગુણીજને આહૂતી આપી છે તેમનું પણ સ્મરણ કરી આભાર પ્રગટ કરું છું.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા કરવામાં આવેલ કામગીરી અને મેળવેલ સિદ્ધીઓને ધ્યાને લઈ મુકવામાં આવેલ માંગણીઓને સર્વાનુમતે મંજુર કરવા માટે આપના મારફત આ સન્માનીય સભાગૃહને વિનંતી કરૂ છું.

*********************